


કાંકરેજ તાલુકાના આંકોલી ગામમાં પ્રથમ વખત દશેરા નિમિત્તે રાવણ દહનનો કાર્યક્રમ યોજાયો હતો. તેમાં એકપાત્રીય અભિયન અને સંગીત માસ્ટર શ્રી બી. કે. વાઘેલા દ્વારા યુવાનો અને બાળકોને વેશભૂષા માટે તૈયાર કરવામાં આવ્યા હતા. જેમાં રામ, લક્ષ્મણ અને સીતામૈયા આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. નવરાત્રીને વિદાય આપતા ગામ લોકો માતાજીની જ્યોત અને ફોટાના વળામણાં કર્યા હતા. જ્યાં હજ્જારો લોકોને આરતી અને દર્શનનો લાભ લીધો હતો. (તસવીર : હેમુભા વાઘેલા)

# પાલનપુરના હાઈવેથી શહેરમાં પ્રવેશ માર્ગો પરના વૃક્ષો પર જાહેરાતો મારતા પર્યાવરણના ભક્ષકો

પાલનપુર, તા. ૨૫

આજકાલ વાતાવરણમાં



છેલ્લા પાંચેક વર્ષથી પલટાયેલા હવામાનનો આપણે ગ્લોબલ વોર્મીંગ કહીએ છીએ. તેમાં શિયાળો, ઉનાળો કે ચોમાસામાં વિપરીત વાતાવરણ અનુભવીએ છીએ. વૃક્ષારોપણ વૃક્ષ ઉછેર, વૃક્ષ નારાયણની ડાહી ડમરી વાતો સરકારનું વનખાતુ અને જુદી જુદી સામાજીકતાનો ઢંઢેરો પીટતી હાઈફાઈ ક્લબો સહીત અનેક રાજકીય લોકો વનવિભાગ તંત્રની નજર સામે ખુલ્લેઆમ વૃક્ષછેદન થઈ રહ્યું છે. જંગલો કપાઈ રહ્યા છે. કોલસા ગેરકાયદેસર રીતે ખુલ્લેઆમ પડાય છે ત્યારે પછી ગ્લોબલ વોર્મીંગ જ થાયને.

આજે વૃક્ષોને સાચવવાની વાત તો બાજુ પર અહીં પાલનપુરના એરોમાં સર્કલથી શહેરમાં પ્રવેશો તો ગૌરવ પથ કે પછી વિકાસ પથના સુંદર નામો આપીને જે વૃક્ષો છે તેના પર શહેરના જુદા જુદા પર્યાવરણના દુશ્મનો સમાન વેપારીઓ કે શો રૂમોના માલિકો દ્વારા ખુલ્લેઆમ વૃક્ષ પર લોખંડના ખીલા મારી કે પછી અન્ય રીતે તેમની પ્રોડક્ટનું માર્કેટીંગ કરી રહ્યા છે.

આ મુખ્ય માર્ગો પરથી દરરોજ જવાબદાર અને લાગતા વળગતા સત્તાધીશો વન વિભાગના અમલદારો અનેવૃક્ષ પ્રેમીઓ કે પર્યાવણ પ્રેમીઓ દરરોજ ચાલકા તે તેમના વૈભવી વાહનોમાં બીરાજી પસાર થાય છે. તો શું તેમની નજર આ વૃક્ષો પર ઠોકાયેલા જાહેરાતીયા મફતીયા બોર્ડો પર નહી પડતી હોય ? તેમ કહી નજર ફેરવી લેતા અમલદારો રાજકીય અગ્રણીઓ સ્વૈચ્છીક સામાજીક સંસ્થાઓ પણ વૃક્ષો ઉપર નિર્દયી રીતે ખીલા મારનારા જેટલા જ દોષી તે છે જ.

આ અંગે સરકારી તંત્ર અને ખાસ તો વનખાતાએ તાકીદે આળશ ખંખેરીને વૃક્ષ માવા સુદેવજેવા અણમોલ વાક્યને સાચા અર્થમાં


(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

ચરિતાર્થ કરવા પગલા ભરી જે કોઈના પણ આ બોર્ડ હોય તે તમામ સામે કાયદેસરની પગલાં ભરી બીજીવાર કોઈ ચમરબંધી આવી ગુસ્તાખી ના કરે તે માટે જરૂરી સુચના પગલા ભરીને આ નિર્દોષ વૃક્ષોને આપણા સૌ માટે યથાયોગ્ય જાળવણી કરવા કટીબદ્ધ બનવું જોઈએ તેમ શહેરના પર્યાવરણ પ્રેમીઓ તંત્ર સમક્ષ અપેક્ષા રાખી રહ્યા છે.

# મહેસાણાની સાત સીટો પર ચૂંટણી લડવા ઈચ્છતા મુરતીયાઓ તૈયાર

ઊંઝા, તા. ૨૬

રાજયમાં વિધાનસભાની ચૂંટણીઓ જાહેર થતાં મહેસાણા જિલ્લાની સાત વિધાનસભા બેઠકો પૈકી ઊંઝા વિધાનસભા સીટ પર ચૂંટણી લડવા ઈચ્છતા ટિકિટ વાંચ્છુકોએ ભાજપ, કોંગ્રેસ અને ગુજરાત પરિવર્તન પાર્ટીમાંથી ટિકિટ મેળવવા માટે અંદર ખાનગી જોરદાર પ્રયાસો શરૂ કર્યા હોવાનું જાણવા મળે છે.

આ વખતે વિધાનસભાની ચૂંટણી નવા સીમાંકન મુજબ યોજાનાર હોઈ દરેક વિધાનસભા ક્ષેત્રમાં રાજકીય અને જ્ઞાતિ આધારીત સમીકરણો બદલાયા છે. જેને ધ્યાનમાં લઈને વિવિધ રાજકીય પક્ષોની નેતાગીરીએ ઉમેદવારોની પસંદગી માટેની કવાયત તેજ બનાવી દીધી છે.

ભાજપ દ્વારા જિલ્લાની બેઠકો માટે નિરીક્ષકો સમક્ષ દાવેદારોએ પોતાના દાવા નોંધાવ્યા છે. જેમાં ૨૧ ઊંઝા વિધાનસભા બેઠક પર વર્તમાન ધારાસભ્ય સહિત એક ડઝન જેટલા ઉમેદવારોએ ઉમેદવારી માટે પોતાના દાવા રજૂ કરતાં માહોલ ગરમાયો છે. દાવેદારી કરવામાં પાર્ટીના કેટલાક વફાદાર કાર્યકરોનો પણ સમાવેશ થાય છે.

જયારે કોંગ્રેસ પક્ષે પણ ઊંઝા શહેર અને આસપાસના ગામોમાંથી સાતથી આઠ જેટલા ટિકીટ વાંચ્છુકોએ દાવેદારી કરી છે. આ ઉપરાંત ગુજરાત પરીવર્તન પાર્ટીના નેજા હેઠળ પણ ચૂંટણી લડવા માટે કેટલાક ઉમેદવારો તૈયાર થયા હોવાનું જાણવા મળેલ છે.

આ વખતની ચૂંટણીમાં મહદ્અંશે પાર્ટીને વફાદાર હોય એવા સ્વચ્છ પ્રતિભા ધરાવતા યુવા ઉમેદવારની પસંદગી કરીને તેઓને ચાન્સ અપાશે તેવું અનુમાન થઈ રહ્યું છે.

# ખેડબ્રહ્મા નોર્મલ રેન્જ વન વિભાગમાં કામ કરતા રોજમદારોને પુરતી વેતન ન મળતા આક્રોશ

## વન વિભાગ દ્વારા ૨૬ દિવસ કામ લેવાય છે અને ૧૯ દિવસનો પગાર અપાય છે

ખેડબ્રહ્મા, તા. ૨૬

ખેડબ્રહ્મા નોર્મલ રેન્જ વન વિભાગમાં કામ કરતા રોજમદારોને રાજ્ય લઘુત્તમ વેતન ધારા અંતર્ગત મળવા પાત્ર લઘુત્તમ વેતન કરતા પણ ઓછી વેતન આપી તેમનું શોષણ કરવામાં આવતું હોવાથી રોજમદારો ભારે રોષે ભરાયા છે. અને વન વિભાગ સમક્ષ ઘટતુ કરવા અને વેતનમાં વધારો કરવા ઉગ્ર માંગણી કરી છે.

મળતી માહિતી અનુસાર સાબરકાંઠાના ખેડબ્રહ્મા તાલુકામાં આવેલ નોર્મલ રેન્જ વન વિભાગમાં અંદાજે ૨૦૦ જેટલા મજૂરો રોજમદાર તરીકે ફરજ બજાવે છે અને જંગલ વિસ્તારમાં તનતોડ મહેનતકસ પોતાનું અને પોતાના પરિવારજનોનું ગુજરાન ચલાવે છે. પરંતુ છેલ્લા ત્રણ-ચાર માસથી ખેડબ્રહ્મા નોર્મલ રેન્જ વન વિભાગ દ્વારા ખુલ્લેઆમ રાજ્ય લઘુત્તમ વેતન ધારાનું ઉલ્લંઘન મજૂરોને મળવા પાત્ર વેતન કરતા પણ ઓછુ વેતન આપી તેમનું શોષણ કરી રહ્યા છે. મજુરોને દર મિહને પૂરા ૨૬ દિવસ કામ લેવડાવે છે. જ્યારે તેમને ૧૯ થી ૨૦ દિવસનો જ પગાર અંદાજે ૧૫૦૦ થી ૩૦૦૦ આપવામાં આવે છે. જે આ કાળઝાળ મોંઘવારીમાં ખુબજ ઓછો છે. આથી આ રોજમદારો વન વિભાગ સમક્ષ ભારે રોષે ભરાયા છે. અને મહેનત જેટલુ વેતન આપવા ઉગ્ર માંગણી કરી રહ્યા છે.

# શકિતનગર વિસ્તારના ૨૫૦ વર્ષ જૂના મહાકાલી મંદિરે નવરાત્રી પર્વ ઉજવાયું

હિંમતનગર, તા. ૨૬

હિંમતનગર તાલુકાના શકિતનગર વિસ્તારમાં ઠાકોર સમાજને મહારાજધીરાજાશ્રી મહારાજ હિંમતસિંહજી સ્વ. ઈડર સ્ટેટથી દાનમાં આપેલ જમીનના પરવાના લેખવાળું વડીલો પાર્જીત આશરે ૨૫૦ વર્ષ ઉપરાંત જુનું પુરાનુંશ્રી મહાકાલી મંદિરમાં માતાજીના નવલા નવરાત્રીના નવ દીવસની આરાધના રંગે ચંગે ખૂબ જ આનંદો ઉત્સવોથી ભાવભકિત રૂપે નવરાત્રી પૂર્ણ કરીને દશેરાના સવારે શકિતનગરના ગામમાં આવેલ માતાજીના ચોકમાંથી પાટનો ગરબો તેમજ અન્ય આવેલા બાધાના ગરબાઓને બહેનો માથે મૂકીને ગાતા ગાતા વર્ષો જૂના વંશપરંપરાગતથી ચાલી આવતા રીત-રીવાજ મુજબ માતાજીના ગરબાને લઈને ઢોલ, નાગારા, શરણાઈ સાથે નાયક ભાઈઓ પોતાની ભૂંગોર વગાડીને માતાજીની શ્રુતિ કરતાં કરતાં અને દેવીપૂજક ભાઈઓ ડાકલા, વગાડતાં વગાડતાં વાજતે ગાજતે શ્રી મહાકાલી મંદિરના મંડળના હોદ્દેદારો સહ શ્રી ભવાનસિંહ મકવાણા (મુખી), ગોવિંદસિંહ ચૌહાણ, કાળુસિંહ પરમાર, શંકરસિંહ મકવાણા, કમલેશસિંહ ચૌહાણ, ભેરાજી પરમાર, ઈશ્વરસિંહ પરમાર, જગતસિંહ ચૌહાણ, રમણસિંહ ચૌહાણ વિગેરે તેમજ ગામના અન્ય આગેવાનો સહિત શ્રી ભિખુસિંહ સોલંકી, ગોપાલસિંહ ઠાકોર, ગોવિંદસિંહ રાઠોડ તેમજ યુવાન ભાઈઓ બહેનો તેમજ સમગ્ર ગામ સમસ્ત ખૂબ જ આનંદભેર ભરપૂર લાગણી સહ માતાજીના ગરબા પધરાવવા સારુ એક વરઘોડો (શોભાયાત્રા) સ્વરૂપમાં નીકળીને સમગ્ર ગ્રામજનો મહાકાળી મંદિરમાં એકત્રિત થઈને કોઈપણ જાતના નાત-જાતના ભેદભાવ રાખ્યા વિના ઠાકોર સમાજની શકિતની પ્રત્યે આસ્થા, એકતાના પ્રતિકરૂપે ખરેખર સાચા અર્થમાં અલગથી અકલિપ્ત દેખાઈ આવેલ છે.

વધુમાં એવું પણ લોક વાયકા મારફતે જાણવા મળેલ છે કે જે વ્યકિત દશેરાના દિવસે પોતાની જાતે શ્રધ્ધાથી અથાગ શકિતથી જે કોઈ માનતા (બાધા) રાખે છે તે ચોકકસ સાચા અર્થમાં પૂરી થાય છે તેમાં અનેક દાખલાઓ પણ હયાતમાં મોજુદ છે. આ તમામ વાતની ખરેખર એક અદભૂત નિહારવા અને માનવા જેવી એક સત્ય ગાથા છે.

## પાટણની ટી.એસ.આર. કોલેજમાં નવરાત્રિ પર્વ ઉજવાયું

પાટણ, તા. ૨૬

પાટણ તાલુકામાં આવેલી ટી.એસ.આર. કોમર્સ કોલેજમાં ભારે ઉત્સાહપૂર્વક નવરાત્રિ મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓ પરંપરાગત વેષભૂષા ધારણ કરી સંગીતના તાલે ગરબે ઘુમ્યા હતા.

પાટણની ટી.એસ.આર. કોમર્સ કોલેજમાં આ નવરાત્રિ મહોત્સવ દરમિયાન કોલેજના વિદ્યાર્થીઓ પરંપરાગત વસ્ત્ર પરિધાનમાં સજજ થઈ આવ્યા હતા અને સંગીતના તાલે ખેલૈયાઓ મન મૂકીને ગરબે ઘુમી નવરાત્રિ પર્વની મજા માણી હતી. અંતે કોલેજ સત્તાવાળા ડૉ. જે.એમ. પંચોલી થામીબેન દેસાઈ અને ભાસ્કરભાઈ શુકલ તરફથી ખેલૈયાઓ સેજલ પટેલ, વર્ષા પ્રજાપતિ, હિમાની પટેલ, અંકુર પ્રજાપતિ, સંજય પ્રજાપતિ અને શકિતસિંહ રાજપૂતને ઈનામ આપી પ્રોત્સાહીત કર્યા હતાં.

### નર્મલા સીતારમન તથા શ્રીકાંત શર્મા શનિવારે અમદાવાદ આવશે

# આનંદીબેન, અમિત, નીતિન અને કૌશિકને પશ્ચિમની સીટ ફાળવાશે

## પાર્લમેન્ટરી બોર્ડની ૩૦મીથી શરૂ થનારી બેઠકમાં નિરીક્ષકોને સાંભળવામાં આવશે : દેવાંગ નાણાંવટીને એલિસબ્રિજ સીટ અપાય તેવી પ્રબળ સંભાવના

અમદાવાદ, તા. ૨૬

ગુજરાત વિધાનસભાની ડિસેમ્બર મહિનામાં યોજાનારી ચૂંટણી માટે યોગ્ય ઉમેદવારોની પસંદગીની જોરદાર કવાયત શરૂ થઈ ગઈ છે. આ સંદર્ભમાં તા. ૩૦મી ઓક્ટોબરથી ત્રણ નવેમ્બર સુધી શાંતિનિકેતન ખાતે શરૂ થનારી ભાજપની પ્રદેશ પાર્લામેન્ટરી બોર્ડમાં વિધાનસભાની તમામ ૧૮૨ બેઠકોના ઉમેદવારોની પસંદગી માટે નિયુક્ત કરાયેલા નિરીક્ષકો દ્વારા રજૂ થનારા રિપોર્ટ પર ચર્ચા શરુ થશે. પ્રથમ દિવસે વલસાડની પાંચ, તાપીની બે, સુરેન્દ્રનગરની પાંચ, અમદાવાદ જિલ્લાની પાંચ, ભરૂચની પાંચ, નર્મદાની બે, નવસારીની ચાર તથા ડાંગની એક બેઠક સહિત કુલ ૨૯ બેઠકોની સમિક્ષા હાથ ધરાશે અને આ ચર્ચાના અંતે તૈયાર થનારી પ્રાથમિક યાદી બાદ ફરી મળનારી બેઠકમાં આખરી યાદી તૈયાર કરવામાં આવશે. આ યાદી લઈ ભાજપના પ્રદેશ પ્રમુખ આર. સી. ફળદુ તથા મહામંત્રી ભીખુભાઈ દલસાણીયા નવેમ્બરના બીજા સપ્તાહે દિલ્હી જશે જ્યાં હાઈકમાન્ડ દ્વારા ડિસેમ્બરમાં યોજાનારી પ્રથમ અને દ્વિતીય તબક્કાની ચૂંટણી માટે ઉમેદવારોની યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે.

ભાજપ માટે આ વખતે કેટલાંક પ્રધાનો તથા ધારાસભ્યો દ્વારા સુરક્ષિત બેઠકની માગણી અંગે વધતુ જતું દબાણ માથાના દુઃખાવા સમાન બની રહ્યું છે. આનંદીબેન પટેલનું મતક્ષેત્ર પાટણ છે જે ગાંધીનગરથી દૂર હોવાથ મંત્રી તરીકે કામના વધુ પડતા ભારણને કારણે મતક્ષેત્રમાં વધુ સમય આપી શકતા નથી જેના કારણે તેમણે અમદાવાદમાંથી ચૂંટણી લડવાની ઈચ્છા દર્શાવી છે. તેવી જ રીતે સિંચાઈ અને શહેરી વિકાસ મંત્રી નીતિન પટેલની કડીની બેઠક અનામતમાં બદલાઈ હોવાથી પણ અમદાવાદમાંથી ચૂંટણી લડવાની ઈચ્છા વ્યક્ત કરી છે. આ ઉપરાંત અસારવાની બેઠક પણ અનામત થતા રાજ્યકક્ષાના કાયદા પ્રધાન પ્રદિપસિંહ જાડેજા ઠક્કર બાપાનગર બેઠક પરથી અને ખાડિયાની બેઠકમાં સીમાંકનને કારણે થયેલા નોંધપાત્ર ફેરફારને પગલે આ બેઠક રદ કરી તેને જમાલપુર-ખાડિયા નામ આપ્યું હોવાથી ખાડિયાના ધારાસભ્ય ભૂષણ ભટ્ટે ઉમરેઠની બેઠક પરથી ચૂંટણી લડવાની ઈચ્છા વ્યક્ત કરી છે. ભૂતપૂર્વ ગૃહપ્રધાન અમિત શાહની સરખેજની બેઠક પણ રદ થઈ હોવાથી આરોગ્ય મંત્રી જયનારાયણ વ્યાસ પણ સુરક્ષિત બેઠકની તલાશમાં હોવાથી આ બધા આગેવાન પ્રધાનો, ધારાસભ્યોનુંશું કરવું તે અંગે ભાજપના ટોચના નેતાઓ ભારે અવઢવભરી સ્થિતિમાં મૂકાયા છે. પ્રાપ્ત થતી વધુ વિગતો મુજબ ભાજપે આનંદીબેન પટેલ, અમિત શાહ, નીતિન પટેલ તથા કૌશિક પટેલ માટે ઘાટલોડીયા, વેજલપુર, નારણપુરા તથા સાબરમતીની બેઠકે સુરક્ષિત રાખવાની વિચારણા શરૂ કરી છે. જયારે પ્રદિપસિંહ જાડેજાને ઠક્કર બાપાનગર સિવાય અન્ય બેઠખ માટે પણ વિચાર કરવા જણાવવામાં આવ્યું છે. શહેરના પશ્ચિમ વિસ્તારની બેઠકો માટે ભાજપમાં શરૂ થયેલી કશ્મકશ વચ્ચે પહેલા ખુદ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીનું નામ જોરશોરથી ચર્ચામાં હતું પરંતુ હવે આ બેઠક માટે દેવાંગ નાણાંવટીનું નામ પણ ચર્ચામાં વહેતું થયું છે.

ગુજરાત ભાજપની ચૂંટણીલક્ષી તૈયારીના ભાગરૂપે ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા નિર્મલા સીતારમન તથા મીડિયા ઈન્ચાર્જ શ્રીકાંત શર્મા આવતીકાલે શનિવારે એક દિવસની અમદાવાદની મુલાકાતે આવશે.

## બી.કે. મર્કેન્ટાઈલ બેંક લૉ કોલેજમાં નવરાત્રિ મહોત્સવ યોજાયો

પાલનપુર, તા. ૨૬

સ્વર્ણિમ ગુજરાત કલાકૌશલ્ય ધારા અંતર્ગત પાલનપુરની મર્કેન્ટાઈલ બેંક લૉ કોલેજમાં નવરાત્રિ નિમિત્તે રાસ ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું.

કોલેજમાં કોલેજના તમામ વિદ્યાર્થી મિત્રોએ ટ્રેડીશનલ ડ્રેસમાં સજ્જ થઈ નવરાત્રિ મહોત્સવમાં ભાગ લઈ માના ગરબામાં મન મૂકીને સંગીતના તાલે શ્રધ્ધાપૂર્વક ગરબાની રમઝટ બોલાવી હતી. લો કોલેજના સ્ટાફ મિત્રોએ ખેલૈયાઓનો ઉત્સાહ વધારી સફળતા પૂર્વક કાર્યક્રમને સંપન્ન કરાવ્યો હતો.

# હુંજ ગામે મકાનમાં આકસ્મિક આગ લાગતા વૃદ્ધા ભડથું

હિંમતનગર, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના હુંજ ગામે શુક્રવારના રોજ બપોરના સમયે એક મકાનમાં આકસ્મિક આગ લાગતા વૃદ્ધાનું સળગી જવાથી સ્થળ પર મોત નીપજ્યું હતું. આ ઘટનાની જાણ ગાંભોઈ પોલીસ મથકે થતા તાત્કાલિક પી.એસ.આઈ. સ્ટાફ સાથે સ્થળ પર પહોંચી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ હુંજ ગામે રહેતા ૭૦ વર્ષીય અંતરબા કોદરસિંહ સિસોદિયા પોતાના વિલાયતી નળિયા વાળા ત્રણ ખંડવાળા મકાનમાં રહેતા હતા. અમદાવાદથી પોતાના વતને નવરાત્રી કરવા માટે આવ્યા હતા. દરમિયાન શુક્રવારના રોજ બપોરના સમયે ઘરમાં રસોઈ ખંડમાં ચૂલો સળગાવી રસોઈ બનાવતા હતા ત્યારે આકસ્મિક આગ લાગતા વૃદ્ધા અંતરબા આગમાં લપેટાઈ જતા શરીરે દાઝી ગયા હતા અને મકાનમાંથી ધુમાડો બહાર નીકળતા ગામના લોકો તાત્કાલિક દોડી આવ્યા હતા અને મકાનનો મુખ્ય દરવાજો બંધ હતો તે તોડી અંદર જોવા જતા સળગેલ છત નીચે પડી હતી અને વૃદ્ધા ભડથુ થયેલી હાલતમાં નજરે ચડી હતી ત્યાર બાદ ગામ લોકોએ પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લીધી હતી. આ અંગે ગાંભોઈ પોલીસમથકે ગામમાં રહેતા મૃતક અંતરબાના ભત્રીજા નરેન્દ્રસિંહ સિસોદિયાએ જાણ કરતા પી.એસ.આઈ. જે.આર. ઝાલા અને રાયટર મુકેશભાઈ પ્રજાપતિ સ્ટાફ સાથે સ્થળ પર પહોંચી ગયેલ અને સ્થળ પર મૃતક વૃદ્ધાનું પોસ્ટમોર્ટમ કરાવવા માટેનીતજવીજ હાથ ધરી હતી.


ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ

સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ

Nirmala Tyres

Authorised DEALER : CEAT, APOLLO TYRES

CEAT TYRES | APOLLO TYRES

રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે

ઉપલબ્ધ સેવાઓ :
- ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
- ટ્યૂબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
- હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
- મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.

એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.

૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of

Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz
and a wide range of vivid pattern with extinguish combinations.

એક્સક્લુસિવ શો-રૂમ

asian TILES WORLD Radhe ENTERPRISE

F.F. 101/102/103, Jay Yogeshwar Complex,
Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop
Gandhinagar - Koba High way, Gandhinagar
Mobile : 94265 13601